**:: આંક – ૧ લગત હુકમ ::**

(૧) હાલના કામના અરજદાર ગુજ.મહેશભાઇ દેવશંકર ભટ્ટના સીધી લીટીના કાયદેસરના વારસદાર કિર્તન મહેશભાઇ ભટ્ટનાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ તેઓની માલિકીનુ **ટુ વ્હીલર મોટરસાયકલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર જીજે.૦૩.કેએ.૫૭૧૦** તે પરત મેળવવા હાલની અરજ કરેલ છે. સદરહું મુદ્દામાલ તે એ ડીવીઝન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૦૨૬–૦૦૬૦/૨૦૨૬ થી બી.એન.એસ એક્ટ ૨૦૨૩ ની કલમ–૩૦૯(૪),૩૫૧(૨),૩૫૨,૧૧૫(૨),૩(૫) મુજબના ગુના ના કામે તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા કબ્જે કરવામાં આવેલ છે. જેથી અરજદારે સદર મુદામાલ પરત મેળવવા માટે હાલની અરજ કરેલ છે.

(૨) અરજદારની સદર અરજી વંચાણે લીધી. અરજદાર તરફે રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. અરજદાર તરફે વિ.વ.શ્રીનાઓને તથા સામાવાળા શ્રીસરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા હાલની અરજી અંગે તપાસના તમામ કાગળો જેવા કે પંચનામું તથા પોલીસ અભિપ્રાય વંચાણે લીધેલ.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે કે, સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ ઉપરોક્ત વર્ણવ્યા મુજબનો મુદ્ધામાલ ટુ વ્હીલ અરજદારના દૈનિક જીવનનો ભાગ છે તેમજ મુદ્ધામાલ ટુ વ્હીલ તે રોજબરોજના ઉપયોગ માટે અગત્યનું માધ્યમ છે તેમજ જો સદર મુદામાલ અરજદારને પરત સોંપવામાં ન આવે તો લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહેવાના કારણે તેના પાર્ટ્સ ખરાબ થઈ જાય તેમ હોઈ, અરજદારને આર્થિક નુકશાન વેઠવું પડે તેમ હોઈ, જેથી મુદામાલ યોગ્ય રકમના બોન્ડ ઉપર શરતોને આધીન છોડવામાં આવે તો તેઓ અદાલત તરફથી ફરમાવવામાં આવેલ તમામ શરતોનું પાલન કરવા રાજી અને ખુશી છે, જેથી હાલની મુદ્દામાલ અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) હાલની અરજીના કામે અરજદાર તરફે દલીલોના સમર્થનમાં આંક – ૦૨ થી દસ્તાવેજી પુરાવા લિસ્ટથી નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

| અનુ. નં.: | દસ્તાવેજની વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | ગુજ.મહેશભાઇ દેવશંકરભાઇ ભટ્ટનુ મરણ સર્ટી. નકલ | ૨ / ૧ |

| | | |
|---|---|---|
| ૨. | અરજદારનુ આધારકાર્ડ | ૨ / ૨ |
| ૩. | મુદામાલ વાહન સ્ક્રીન રીપોર્ટ નકલ | ૨/૩ |

આ કામે મુદ્દામાલ ની માલિકી બાબતે અરજદાર તરફે રજૂ કરેલ માર્ક–૨ /૩ થી વાહનનો સ્ક્રીન રીપોર્ટ રજુ કરેલ છે. જે વંચાણે લેતા હાલનો મુદામાલ તે અરજદારના પિતાનો હોવાનું જણાઇ આવે છે. જેઓ ગુજરી ગયેલ હોય તેઓનુ મરણ સર્ટી. માર્ક ૨/૧ થી રજુ છે વધુમાં, સદર કામે સાહેદ હારૂનભાઇ ઇશાકભાઇ ખેભરે હાલના અરજાદરને વાહન પરત સોંપવામા આવે તો તેઓને કોઇ વાંધો તકરાર કે હરકત નથી તેવુ સોંગદનામુ રજુ રાખેલ છે. તેમજ આરોપીનુ નો –કલેઈમ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. અને અરજરાના માતા તેમજ ગુજ.મહેશભાઇ દેવશંકરભાઇ ભટ્ટના પત્ની નીતાબેન મહેશભાઇનુ ભટ્ટનુ સોંગદનામુ રજુ છે જેમા પણ અરજદાર કિર્તન ને વાહન સોંપવા માટે પુરી સંમતિ દર્શાવેલ છે. જે તમામ દસ્તાવેજો તથા રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે.

(૫) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીનાઓએ વાંધો રજૂ તથા તે સાથે રજૂ પોલીસ અભિપ્રાય માં તેઓએ જણાવેલ છે કે, અરજદારે વાહન તેમના નામે કરાવેલ નથી. વાહન મો.સા. પરત આપવામાં આવશે તો ફરી કોઈ ગુન્હો કરવામાં ઉપયોગ કરે તેવી શકયતા હોય મો.સા. પરત સોં પવા તેઓનો અભિપ્રાય થતો ન હોવાનુ જણાવેલ છે તેમ છતાં નામ. કોર્ટની શરતોને આધીન પરત સોંપવામાં આવે તો તેઓને કોઈ વાંધો ન હોવા જણાવેલ છે તથા અન્ય દસ્તાવેજો, રેકર્ડ ઉપર રજૂ સાધનિક કાગળો ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૬) હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૪૯૭ હેઠળની છે. આ તબક્કે આ અદાલતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૪૯૭ તેમજ ૫૦૩ની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, જે નીચે મુજબ છે.

497. **Order for custody and disposal of property pending trial in certain cases**.

(1) When any property is produced before any Criminal Court or the Magistrate empowered to take cognizance or commit the case for trial during any investigation, inquiry or trial, the Court or the

Magistrate may make such order as it thinks fit for the proper custody of such property pending the conclusion of the investigation, inquiry or trial, and, if the property is subject to speedy and natural decay, or if it is otherwise expedient so to do, the Court or the Magistrate may, after recording such evidence as it thinks necessary, order it to be sold or otherwise disposed of.

Explanation.––For the purposes of this section, "property" includes

(a) property of any kind or document which is produced before the Court or which is in its custody;

(b) any property regarding which an offence appears to have been committed or which appears to have been used for the commission of any offence.

(2) The Court or the Magistrate shall, within a period of fourteen days from the production of the property referred to in sub-section (1) before it, prepare a statement of such property containing its description in such form and manner as the State Government may, by rules, provide.

(3) The Court or the Magistrate shall cause to be taken the photograph and if necessary, videograph on mobile phone or any electronic media, of the property referred to in sub-section (1).

(4) The statement prepared under sub-section (2) and the photograph or the videography taken under sub-section (3) shall be used as evidence in any inquiry, trial or other proceeding under the Sanhita.

(5) The Court or the Magistrate shall, within a period of thirty days after the statement has been prepared under sub-section (2) and the photograph or the videography has been taken under sub-section (3), order the disposal, destruction, confiscation or delivery of the property in the manner specified hereinafter.

503. **Procedure by police upon seizure of property**.

(1) Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Sanhita, and such property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the

disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property.

(2) If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation

(૭) આમ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૪૯૭ મુજબ કોઈ મિલકત કોઈ ફોજદારી અદાલત સમક્ષ તપાસ અથવા ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રજૂ કરવામાં આવે ત્યારે તે તપાસ કે ઈન્સાફી કાર્યવાહીનો નિર્ણય થતાં સુધી તે મિલકત યોગ્ય હવાલામાં રાખવાનો અદાલત તેને યોગ્ય જણાય તેવો આદેશ કરી શકશે તથા તેવી મિલકત ઝડપથી તથા કુદરતી રીતે બગડી જાય તેવી હોય અથવા અન્યથા તેમ કરવું ઈષ્ટ જણાય તો, તે આવશ્યક ગણે તેવા પુરાવાની લેખિત નોંધ કર્યાં બાદ તે મિલકત વેંચી નાખવા કે અન્ય રીતે તેનો નિકાલનો આદેશ કરી શકશે. તદુપરાંત, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૫૦૩ ની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં જ્યારે પણ આ સંહિતાની જોગવાઈઓ હેઠળ કોઈપણ પોલીસ અધિકારી દ્વારા મિલકતની જપ્તીની જાણ મેજિસ્ટ્રેટને કરવામાં આવે છે, અને આવી મિલકતને તપાસ અથવા ટ્રાયલ દરમિયાન ફોજદારી અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતી નથી, ત્યારે મેજિસ્ટ્રેટ તેને યોગ્ય લાગે તેવો આદેશ કરી શકે છે. આવી મિલકતના નિકાલ અથવા તેના કબજા માટે હકકદાર વ્યક્તિને આવી મિલકતની ડિલિવરીનો આદેશ કરવો, અથવા જો આવી વ્યક્તિ શોધી શકાતી નથી, તો આવી મિલકતની કસ્ટડી અને ઉત્પાદનનો આદેશ કરવો તેમ ઠરાવેલ છે. હાલના કિસ્સામાં સદરહું ગુન્હા સબબ પોલીસ દ્વારા કબ્જે કરવામાં આવેલ મુદામાલને અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી, ત્યારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૫૦૩ ની કાયદાકીય જોગવાઈ મુજબ પોલીસ અધિકારી દ્વારા મિલકતની જપ્તીની જાણ મેજિસ્ટ્રેટને કરવામાં આવે, અને આવી મિલકતને તપાસ અથવા ટ્રાયલ દરમિયાન ફોજદારી અદાલત સમક્ષ રજૂ કરવામાં ન આવે, ત્યારે મેજિસ્ટ્રેટ તેને યોગ્ય લાગે તેવો આદેશ કરી શકે છે.

(૮) આમ, ઉપરોક્ત રજૂ થયેલ પુરાવો જોતા હાલના ગુન્હાના કામે કબ્જે થયેલ મુદ્ધામાલ લાંબો સમય બિનજરૂરી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો, અરજદારને અ◌ાર્થીક નુકશાન થવાનો સંભવ છે. તદુપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતના ૨૦૦૩(૧) જી.એલ.આર. ૩૦૭ ઉપર પ્રકાશિત થયેલ સુંદર અંબાલાલ દેસાઈ વિરૂદ્ધ ગુજરાત રાજ્યના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં, કાયદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, મુદામાલ તેના ખરા અને સાચા માલિકને શરતોને આધીન જરૂરી બોન્ડ લઈને વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું નમ્રપણે માનું છું. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ મુદામાલ હાલના અરજદારને શરતોને આધીન વચગાળાની કસ્ટડીએ સોંપવા યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતું હોઈ, જેથી ઉપરોક્ત ચર્ચા મુજબ મુદામાલ અંગેની વચગાળાની કસ્ટડી મેળવવા માટે અરજદાર હકકદાર બનતા હોઈ, અરજદારની હાલની અરજી મંજૂર કરી, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) અરજદારની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર ગુજ.મહેશભાઇ દેવશંકર ભટ્ટના સીધી લીટીના કાયદેસરના વારસદાર કિર્તન મહેશભાઇ ભટ્ટ નાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ મુજબ તેઓની માલિકીની **ટુ વ્હીલર મોટરસાયકલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર જીજે.૦૩.કેએ.૫૭૧૦** તે પરત મેળવવા હાલની અરજ કરેલ છે. સદરહું મુદ્દામાલ ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે, તે મુદ્ધામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજૂ કર્યેથી, નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>-:: શ ર તો ::-</u>

(૧) અરજદારે મુદામાલ વાહન નામદાર અદાલત જ્યારે અને જે જગ્યાએ રજૂ કરવાનુ ફરમાન કરે ત્યારે તે જગ્યાએ રજૂ કરવાનુ રહેશે.

(૨) અરજદારે મુદામાલ વાહન ના રંગ, રૂપ, આકાર કે બજાર કિંમત નાશ પામે તેવું કરી કરાવવું નહિ.

(૩) અરજદારે મુદામાલ વાહન કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિશ કે ટ્રાન્સફર કરી કરાવવો નહિ કે માલિકી બદલાઈ જાય તેવી રીતે તબદીલ કે હસ્તાંતર થાય તેવા કોઈ કૃત્ય કરી કરાવવા નહિ.

(૪) અરજદારે સદર મુદામાલ વાહન નો કોઈ પણ પ્રકારના ગુન્હામાં ઉપયોગ કરવો કે કરાવવો નહિ.

(૫) તપાસ કરનાર અધિકારીએ મુદામાલ વાહન અરજદારને પરત કરતી વખતે તે મુદામાલના ચારે બાજુથી ફોટા લઈ , પંચનામુ કરી ચાર્જશીટ વખતે સામેલ રાખવું.

(૬) બોન્ડ તથા જામીન તે પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૭) હુકમ અનુસાર મુદામાલ પરત કરતી વખતે જવાબદાર પોલીસ અધિકારીએ અરજદારની ઓળખની ખાત્રી કરી, અરજદારને મુદામાલ સુપરત કરવો.

(૮) મુદ્દામાલ હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રિપોર્ટ આ હુકમની એક પ્રત, જરૂરી બોન્ડ અત્રેની અદાલતમાં બનતી ત્વરાએ રજૂ કરવો.

ઉપરોક્ત તમામ શરતોનું અરજદારે ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે અને તે પૈકીની કોઈ પણ શરતોનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદારે કે અધિકૃત પોલીસ અધિકારીશ્રીએ તેનો ત્વરિત કબ્જો લેવાનો રહેશે.

હુકમની યાદી સદર ગુન્હાના તપાસ અધિકારીને કરવી.

હુકમ આજ રોજ તા.૧૪ માહે જુલાઇ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–રાજકોટ<br>
તા.૧૪–૭–૨૦૨૬

આકાશ પ્રમોદ વર્મા<br>
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ,<br>
ટ્રાફીક કોર્ટ, રાજકોટ,<br>
જજ કોડ–GJ–01707